dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
November 2010 For private circulation only Vol. 02 - Issue 45

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेव व शिष्य ते ।।
ॐ शान्तिः शान्तिः शान्तिः ।।
તે પરબ્રહ્મ પૂર્ણ છે અને આ કાર્યબ્રહ્મ પણ પૂર્ણ છે,
કારણ કે તે પૂર્ણમાંથી આ પૂર્ણની ઉત્પત્તિ થાય છે
અને પ્રલયકાળમાં પૂર્ણ કાર્યબ્રહ્મની પૂર્ણતાને લઈને
પૂર્ણ પરબ્રહ્મ જ બચે છે. તેનાથી જીવનના ત્રિવિધ તાપ શમે છે.

ईशावस्य उपनिषद

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

દિપોત્સવી પછીનું કારતક સુદ પૂનમનું પર્વ - દેવ દિવાળી ભારતના અધ્યાત્મના ઈતિહાસમાં સંત-ધર્મના ઉદયના પર્યાય તરીકે માનવામાં આવે છે. ગુણવંતી ગૂર્જરભૂમિના ગૌરવને સાર્વત્રિક બનાવનાર, મહાન ગૂર્જરેશ્વર મહારાજાધિરાજ શ્રી સિધ્ધરાજ જયસિંહની રાજસભામાં અગ્રહરોળમાં આસન પામનાર, ભારતીય પ્રજાના કરકમલમાં અપૂર્વ અને વિશાળ સાહિત્યનો વારસો અર્પી જનાર અને પોતાની વિશ્વતોમુખી પ્રતિભાથી ભારતભૂમિને સમગ્ર વિશ્વમાં અમર કરનાર કલિકાલસર્વજ્ઞ મહાન આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિનો જન્મ દિવસ. વિક્રમ સંવત-૧૧મા ની કાર્તિકી પૂર્ણિમા તા. ૭-૧૧-૧૦૮૮ના રોજ જન્મેલ આચાર્ય શ્રી હેમચંદ્રના નામથી ગુજરાતી ભાષાનું પ્રભાત પ્રગટે છે.

ગુજરાતીની અસ્મિતાના એ પ્રથમ છડીદાર છે. શ્રી હેમચંદ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાનો જન્મ કલ્પી શકાતો નથી. વિક્રમ સંવત ૧૧૯૨માં માલવપતિ શ્રી યશોવર્માને યુધ્ધમાં હરાવ્યા પછી, માલવાના રાજકીય જ્ઞાનભંડારમાં ભોજવ્યાકરણની પ્રત જોયા પછી, મહારાજા સિધ્ધરાજના હૃદયમાં પોતાના દેશમાં સ્વતંત્ર વ્યાકરણ ગ્રંથની રચના કરવાની તીવ્ર ઊર્મિ ઉત્પન્ન થઈ. રાજસભામાં તેમણે આ વિચાર પ્રખર વિદ્વાનો સમક્ષ રજૂ કર્યો. સૌએ એકી અવાજે શ્રી હેમચંદ્રાચાર્ય સિવાય કોઈ સમર્થ નથી તેવું જાહેર કર્યું. આચાર્યશ્રીએ પોતાના તથા ગૂર્જરેશ્વરના નામને અમર કરતો સર્વાંગસંપૂર્ણ ગ્રંથ "સિધ્ધહેમ શબ્દાનુશાશન" તૈયાર કર્યો.

મુની શ્રી પુણ્ય વિજયજી મહારાજે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રચાર્યશ્રીને અંજલી આપતાં ૧૯૩૯માં ગુજરાતી સાહિત્ય પરિષદના પાટણ મુકામે યોજાયેલ શ્રી હૈમ સારસ્વત સત્ર પ્રસંગે લખ્યું છે કે, "માનવ ઈતિહાસમાં આવી વિભૂતિઓ કોઈક વખત જ આવે છે. આવે છે ત્યારે એ સમયને ફેરવી નાખે છે; નવા મૂલ્યાંકનો રચે છે; નવું જીવન રચે છે; નવી શકિત જન્માવે છે અને નવી દ્રષ્ટિ આપે છે." આ પ્રસંગના અધ્યક્ષ શ્રી કનૈયાલાલ મુનશીએ તેમને અંજલી આપતા કહયું કે, "એમણે જે સાહિત્ય પ્રણાલિકાઓ સ્થાપી, જે ઐતિહાસિક દ્રષ્ટિ કેળવી, એકતાનું ભાન સરજાવી ગુજરાતની અસ્મિતાનો જે પાયો નાખ્યો, તેના પર આજે અગાધ આશાન અધિકારી એવા અને અવિજયોજય ગુજરાતનું મંદિર રચાયું છે."

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા દર્શાવે છે, " જૈન ધર્મના ઈતિહાસમાં અનેક વિદ્વાન અને પ્રતાપી આચાર્યો થઈ ગયા છે તે સર્વમાંથી જેવી રીતે ચોવીસ તીર્થકરોમાંથી ભગવાન ઋષભદેવ જુદા પડે છે તેવી રીતે હેમચંદ્રાચાર્ય અન્ય જૈનાચાર્યોથી જુદા તરી આવે છે...આજની સર્વ સામાજિક રચનાના તેઓ આદ્ય રચયિતા લેખાય છે. પોતાની બે પુત્રીઓમાં એકને અંકવિદ્યા અને બીજીને અક્ષરવિદ્યા શિખવીને તેમણે જ્ઞાન સાહિત્યનો પ્રારંભ કર્યો; લગ્ન સંસ્થા દાખલ કરીને નવી સમાજ વ્યવસ્થા ઊભી કરી; લોકોને કૃષિવિદ્યા શિખવી; કુંભારને ઉદ્યોગ શિખવ્યો; રાંધતા અને પકવતાં શિખવ્યું. આમ, બીજા તીર્થકરોએ જયારે લોકોને નિર્વાણવિદ્યા શિખવી ત્યારે ભગવાન ઋષભદેવે લોકોને જીવનવિદ્યા શિખવી. તેઓ લખે છે, "હેમચંદ્રાચાર્યનું જીવન એટલે એક સાથે વહેતા બે પ્રવાહો. એક બાજુએ તેમનું અગાધ પાંડિત્ય અને બીજી બાજુએ તત્કાલીન રાજકારણમાં તેમણે ભજવેલો અસાધારણ કાર્ય ભાગ."

કરાંચી સાહિત્ય સંમેલનમાં પ્રમુખકીય વ્યાખ્યાનમાં શ્રી મુનશી કથે છે : "જો કોઈએ ગુજરાતને સસંકલ્પ જીવંત વ્યકિત તરીકે કલ્પવાનો પહેલો પ્રયત્ન કર્યો હોય તો તે ધંધુકાના મોઢ વાણિયાએ. ગુજરાતના સાહિત્ય સ્વામીઓના શિરોમણિએ વાણિયાએ. ગુજરાતના સાહિત્ય સ્વામીઓના શિરોમણિએ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ. એનુ 'કુમારપાલ ચરિત' પાટણની મહત્તાની ભાવનામાંથી ગુજરાતની અસ્મિતા પ્રગટાવતો પહેલો પ્રયત્ન. આ

જ્યોતિર્ધરના તેજે વસ્તુપાલ-તેજપાલના કાળમાં અનેક કવિઓએ પોતાની કૃતિઓને ઉજ્જવલ કરી.'' જ્ઞાનના મહાસાગર, અહિંસાને રાજકારણ સાથે જોડી ગુજરાતને વ્યસનમુકત કરી, ગુજરાતની અસ્મિતાનો પાયો નાખનાર જ્યોર્તિધરને કોટિ કોટિ વંદન.

હિન્દુસ્તાની પરંપરા એક મહાન વટવૃક્ષની પરંપરા છે. એક બાજુ બધા જ ધર્મોમાં શ્રેષ્ઠ શાસ્ત્રકારો અને સાધુ-સંતોની પરંપરા છે. તો બીજી બાજુ ભકત પરંપરા છે. કબીર, નાનક, દાદૂ વગેરે સંત પરંપરાના, જયારે સૂરદાસ, તુલસી, મીરા વગેરે ભકત પરંપરામાં ગણાય છે. આવા સંત પરંપરાના શિરોમણી એટલે ગુરુ નાનક. કારતક સુદ પૂનમને દેવદિવાળીનો દિવસ એટલે શીખ ધર્મનો પાયો નાખનાર પ્રથમ ગુરૂ નાનક સાહેબનો જન્મ દિવસ. જયારે શ્રમણ માર્ગીઓના તપ-ધ્યાનમાં તથા કર્મ-ત્યાગમાં હિન્દુ ધર્મ મિથ્યા આચારોના આડંબરમાં ગળાડૂબ હતો. મુસલમાન ધર્મ રાજયાશ્રિત મુલ્લાઓ તથા કાજીઓના હવાલે હતો, ત્યારે ગુરુ નાનક દ્વારા સંત પરંપરાની તેજસ્વી શાખા તરીકે શીખ ધર્મ ઉભરી આવ્યો.

શીખ ગુરુઓએ ઈશ્વરની ભકિત કરવામાં, ક્રિયાકાંડના કે સાધના કરવા માટેના બીજા કોઈ જ ઉપકરણોને બદલે ભગવાનના નામ સ્મરણ પર સીધો જ ભાર મૂકયો. બીજી અનોખી વિશેષતા એ રહી છે કે તપ કે સન્યાસને બદલે સીધા સાદા ગૃહસ્થજીવનને જ પોતાના ભકિતમાર્ગના કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કર્યું. આવા સીધા સાદા સાધનામાર્ગને આધાર બનાવી પહેલા ગુરુ નાનકથી છેલ્લા ગુરુ ગોવિંદસિંહ સુધીના દસ ગુરુઓએ નિર્માલ્ય, મુડદાલ બની ગયેલી પ્રજામાંથી એક સમર્થ, સુગઠિત, મહેનતુ, વફાદાર અને મરજીવાઓની ઓળખ ઉભી કરી, જેઓએ ઈશ્વર ખાતર જીવન અર્પણ કરવાની બાબતને સાકાર કરી બતાવી. શીખ ધર્મ ગુરુઓએ તે વખતની પ્રજામાં ધર્મ-તેજ ઉભું કરી અસ્મિતા પ્રગટાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો. દસમા ગુરૂ પછી શીખોએ નકકી કર્યું કે દસ ગુરુ બસ છે. ત્યાર પછી ગુરુઓની સંખ્યા વધારી નાહકના ઝઘડા ઉભા કરવા કરતાં ગ્રંથને જ ગુરુ માનો. આગળ ઉપદેશ આપનાર, ગાદી સાચવનારા આવશે પણ ગ્રંથને જ ગુરુ માનવો. એક ગ્રંથ દ્વારા સંસ્કારિતા અકબંધ સચવાઈને બેઠી હોય તેવો અજોડ કિસ્સો પંજાબની ગુરુવાણીનો છે.

શીખધર્મની બીજી વિશેષતા એ છે કે બધા ગુરુઓએ પદ્યમાં ગુરુવાણી લખી છે. શીખ સમાજના બે મહત્વના ધર્મગ્રંથો 'જપુજી' તથા 'ગ્રંથ સાહિબ'ના આધાર પર સમગ્ર શીખ ધર્મ ટકેલો છે. 'જપુજી' એ આદ્યગુરુ શ્રી નાનકદેવની વાણી છે. તેને 'ગુરુ મંત્ર' પણ કહે છે, 'જપુજી'માં ધર્મનો નિચોડ છે. ગુરુ નાનકે પોતાની પાછલી ઉંમરમાં રચેલો આ સૂત્રગ્રંથ છે. કુલ ચાલીસ પૌડીઓમાં, આરંભનો મૂળ મંત્ર અને અંતિમ શ્લોકમાં જ્ઞાનયોગ, ધ્યાનયોગ, ભકિતયોગ, સાધના બધુ જ આવરી લેવાયું છે. આચાર્ય વિનોબા ભાવે 'જપુજી' ની સરખામણી 'ઈશાવાસ્યોપનિષદ' સાથે કરે છે. ઈશાવાસ્યોપનિષદમાં માત્ર અઢાર મંત્રોમાં સંપૂર્ણ વૈદિક ધર્મનો સાર રજૂ કરાયો છે, જયારે 'જપુજી'માં મુખ્ય આડત્રીસ પૌડીઓમાં આ બાબત પ્રસ્તુત છે.

'જપુજી'ના પ્રથમ ખંડમાં મંગલાચરણની સાત પૌડીઓ છે. જેનો આરંભ 'મંત્ર'થી થાય છે. શીખોનો આ મૂળ મંત્ર છે :

'' १ ओंकार सतिनामु करता पुरखु निरभउ निरवैरु ।
अकालमूरति अजूनी सैभं गुर प्रसादि ।।
आदि सचु जुगादि सचु ।
है भी सचू नानक होसी भी सचु ।।

મૂળમંત્રના આરંભમાં અક્ષરને બદલે અંકનો આંકડો છે. પરમેશ્વરની એકતા બધા ધર્મોનો પાયો છે. ગુરૂનાનકે એક નો ઉચ્ચાર કરીને આ બાબત પ્રમાણિત કરી છે. ઓંકારને વેદસાર માનવામાં આવે છે તથા તે નાદરૂપ ધ્વનિ છે. ગુરુનાનકે ઓંકારનો ઉચ્ચાર કરીને વેદ તથા ઉપનિષદની પરંપરા કાયમ રાખી છે. પરમેશ્વરના અનેક નામો છે પરંતુ અહી सतिनामु, 'સત્ય' ને નાનક લે છે જે દર્શાવે છે કે સત્યની શોધમાં વિજ્ઞાન અને આત્મજ્ઞાન એક થઈ જાય છે. પરમેશ્વરનું આલંબન પણ સત મનાય છે. 'करता पुरखु' દ્વારા પરમેશ્વર વિશ્વનો કર્તા તથા પુરખુ એટલે કે ચેતન છે એટલે કે પરમેશ્વર વિશ્વનો કર્તા ચેતન સ્વરૂપ છે. 'निरभऊ निरवैरु' આ બે વિશેષણો દર્શાવે છે કે ભગવાનને ભય અને વેરનું કોઈ કારણ જ નથી. ભગવાનના આ બે ગુણોનું ધ્યાન કરીને આપણે નિર્ભય-નિવેર બનીએ. 'अकालमूरति' એટલે જેને કાળનું બંધન નથી. अजूनी એટલે જે જન્મ રહિત, અજન્મા અથવા અયોનિ છે. सैभं એટલે જે સ્વયંભૂ છે. જે પોતાનામાંથી બધાને પેદા કરે છે, અને તેને બીજા કોઈએ પેદા કર્યો નથી 'गुर प्रसादि'માં ભગવાનને ગુરુ સ્વરૂપે જોવામાં આવ્યા છે. 'आदि सचु जुगादि सचु'માં આદિ એટલે આકારનો આદિ અને જુગાદિ એટલે કાળનો આદિ. આ બે શબ્દોના ઉપયોગ થકી ગુરુ નાનક કહેવા માગે છે કે, પરમેશ્વર વિશ્વના આદિ તથા કાળના પણ આદિ છે. નાનક આ રીતે ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં જે શાશ્વત છે, સત્ય સ્વરૂપ છે તેવા સત્ય સ્વરૂપ 'ॐ तत सत'ની ઉપાસના કરવાનું કહે છે.

આચાર્ય વિનોબાજીએ લખ્યું છે કે, '' વેદ-ઉપનિષદ-ગીતાની માફક ગુરુવાણી, ''જપુજી'' પણ મારા લોહીના બૂંદબૂંદમાં છે. હું કહી શકું કે હું હિંદુ છું, તેમ હું શીખ પણ છું.' ગુરૂ નાનકે માનવીય વિચારોને એક નવી પ્રેરણા અર્પી છે.''

સૌના મન શુભઃ સંકલ્પવાળા બની રહો તેવી મંગલભાવના સહ પુનઃ નૂતન વર્ષને આવકારીએ તથા નવા શૈક્ષણિક સત્રમાં નવી ઊંચાઈઓને પામવા સંકલ્પબધ્ધ થઈએ.

૧૫ નવેમ્બર, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ગૌરવ



કુલપતિ ડૉ. બી. એ. પ્રજાપતિને ૨૪-૧૧-૨૦૧૦ના રોજ એન.સી.સી. ના માનદ કર્નલનો ખિતાબ આપી રેન્ક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. એન.સી.સી.ના ગુજરાત સ્ટેટ ડેપ્યુટી ડાયરેક્ટર બ્રિગેડીયરશ્રી એ.પી.ત્રિપાઠીની ઉપસ્થિતિમાં કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિને કર્નલનો માનદ્ હોદ્દો એનાયત કરવામાં આવ્યો.



આ પ્રસંગે કર્નલશ્રી રાહુલ બાલી, વડોદરા એન.સી.સી. ગ્રુપ કમાંડર અને નંબર - ૫ ગુજરાત એન.સી.સી. બટાલીયન સુરતના કર્નલ શ્રી ટી. કે. પાલ, એન.સી.સી.ના અધિકારીઓ, કેડેટસ અને સન્માનિત વ્યકિતઓ ઉપસ્થિત રહયા હતા. કર્નલ ડૉ. બી.એ.પ્રજાપતિને એન.સી.સી. કેડેટસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.



બ્રિગેડીયર શ્રી એ.પી.ત્રિપાઠીએ યુવાનો, યુવતીઓને એન.સી.સી.માં જોડાઈ દેશને આગવું નેતૃત્વ આપવા આહવાન કર્યું હતું. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં એન.સી.સી.નું વિસ્તરણ કરી સશકતસેનાને નવું યુવાધન મળે તેવા પ્રયત્નો કરવા હાકલ કરી હતી. કર્નલ ડૉ. બી. એ. પ્રજાપતિએ પણ એન.સી.સી. માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર અને શકય તેટલી મદદ કરવાની ખાતરી આપી હતી.





## વાંચે ગુજરાત ૩૦-૧૦-૨૦૧૦



તા.૩૦-૧૦-૨૦૧૦ના રોજ યુનિવર્સિટી પરિસરના શાંત વાતાવરણમાં 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ કલાક સુધી કુલપતિશ્રી પ્રો.ફે. બી. એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે. આર. મહેતા, યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના અધિકારીઓ તથા કર્મચારીઓએ ગ્રંથોનું વાચન કર્યુ હતું. આ પ્રસંગે કુલપતિશ્રી પ્રો.ફે. બી. એ. પ્રજાપતિ અને કુલસચિવશ્રી જે. આર. મહેતાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું.




બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સના વિદ્યાર્થીઓને 'વાંચે ગુજરાત' માટે યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી પુસ્તકો ઈશ્યુ કરવામાં આવ્યાં હતાં.



કુલપતિશ્રી પ્રો. બી. એ. પ્રજાપતિએ પણ સરકારશ્રીના સ્વર્ણિમ ગુજરાતના વિવિધ કાર્યક્રમોમાં યુનિવર્સિટી પોતાનો સહયોગ આપે છે. તે બદલ સંતોષ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના વિવિધ વિભાગના અધ્યક્ષોએ વાંચે ગુજરાત વિષે પોતાના પ્રતિભાવો આપ્યા.

## સ્પર્ધા



પંજાબી યુનિવર્સિટી, પટીયાલા મુકામે આંતર યુનિવર્સિટી જીમનાસ્ટીક ભાઈઓ /બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિ શ્રી પ્રોફે.બી.એ.પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે. આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તીમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમના ખેલાડી ભાઈઓ/બહેનોને કોચશ્રી કનુ રાઠોડે કોચીંગ આપ્યું હતું. મેનેજર તરીકે શ્રી તેજસ શર્મા સેવા આપી રહયા છે. ટીમ : ભાઈઓ : ૧. પટેલ ફેનીલ વાય. ૨. તડવી કલ્પેશ એ. ૩.વસાવા રાહુલ આર. ૪. ખારપાસ સુમીત એલ. ૫. ચોકસી સિધ્ધાર્થ એ. ૬. કદમ દિવ્યેશ એમ. ૭. રેશમવાલા વત્સલ બી. ૮. વસાવા ધર્મેશ એમ. ૯. ભુરિયા રણજીતસિંહ એસ. બહેનો : ૧. કુ. પટેલ હર્ષીદા વી. ૨. કુ. રાઠવા મનિષા વી. ૩. કુ. પટેલ વિધિ પી. ૪. કુ. ચૌહાણ કિષ્ણા કે.



રાજસ્થાન યુનિવર્સિટી જયપુર મુકામે આંતર યુનિવર્સિટી કુસ્તી (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી પ્રોફે.બી. એ. પ્રજાપતિના પ્રમુખે પદે તથા કુલસચિવશ્રી જે. આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમના ખેલાડી ભાઈઓને કોચશ્રી જગદીશભાઈ જાટે કોચીંગ આપ્યું હતું. મેનેજર તરીકે શ્રી યાદવ ધનંજય સેવા આપી રહયા છે. ટીમ : ૧. પટેલ રોહન એન. ૨. સોલંકી અભિષેક એચ. ૩. પટેલ જાહીદ વાય. ૪. પવાર યતીન પી. ૫. ખત્રી યાન આઈ. ૬. ઠાકુર ઘનશ્યામ આર. ૭. વ્યાસ હિતર્થ એ.

## M.Phil

A List of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat. during Jun-October, 2010

**Aquatic Biology**

1 Dange, Suchita Pratap. **Studies on the benthic communities of Purna, Navsari,Gujarati.** (Dr.Kapila Majoj), Associate Professor, Department of of Aquatic Biology, VNSGU, Surat.

**Bio Science**

1 Pathan, Sabha Basharat. **A study on health status and hygiene of muslim adolescent girls of Surat city.** (Dr.Arun H.Dholakia.), Sir P.T.Sarvajaik College of Science, Surat.

2 Suhagiya, Vijetaben Jaysukhbhai. **Microbial diversity and their activity in hypersaline lakes of Rajastjan.** (Dr.Ratna Trivedi), SRKIAS, Surat.

**Chemistry**

1. Dhimmar, Yaxeshkumar Thakorbhai. **Study of calamitic liquid crystalline compounds involving ester-azo central linkages with biphenyl moiety.** (Dr. B.T.Thaker), Professor, Department of Chemistry, VNSGU, Surat.

2. Intwala, Sanket Manubhai. **Conventional and microwave assisted synthesis of some new oxadiazole, trizole, triazine, thiazolidinone and azetidinone derivatives and their antimicrobial activity.** (Dr. (Miss) B. D. Mistry), B.K.M. Science College, Valsad.

3. Khan Imran Hashibur Rehman. **Pharmacological evaluation of newly synthesized substituted trialzoles bearing benzothiazoles.** (Dr. N.B.Patel) Department of Chemistry, VNSGU, Surat.

4. Shaikh, Asif Shaikh Razzak. **Synthesis and antimicrobial studies of new 1, 3-oxazolyl quinazolin 4(3h) ones.** (Dr. N. B. Patel), Professor, Department of Chemistry, VNSGU, Surat.

5. Kapopara, Sanjaykumar M. **Inhibition of aluminium (2S grade) corrosion in hydrochloric acid.** (Dr.S.P.Desai), Shri J.S.Bhakta and Shri K.M.Bhakta Arts, Shri A.N.Shah Science and Shri N.F. Shah Commerce College, Kholwad.

6. Mistry, Chiragkumar B. **Microwave assisted zeolite synthesis from bagasse fly ash in an electrolyte media : it's utilization in dye removal.** (Dr.(Mrs.) Bhavna .A.Shah), Department of Chemistry, VNSGU, Surat.

7. Naik, Parth J. **Synthesis and biological screening of new heterocyclic compounds.** (Dr.K.R.Desai), Retd.Professor, Department of Chemistry, VNSGU, Surat

8. Patel, Sunilkumar G. **Studies on semiconductor mediated decolorization and degradation of of red andblue reactive dyes.** (Dr.(Mrs.)Saurabh K.Patel), Reader, Department of Chemistry, VNSGU, Surat.

9. Patel, Yogeshkumar M. **Synthesis and biological evaluation of novel sydnone based heterocyclic compounds.** (Dr. K.C.Patel), Professor, Department of Chemistry, VNSGU, Surat.

10. Savaliya, Piyushkumar P. **Studies on synthesis of**

**some novel mesoionic compounds and their biological activities.** (Dr.K.C.Patel), Professor, Department of Chemistry, VNSGU, Surat.

**Commerce**

1. Desai, Arpita Bhupatrai. **Financial analysis of urban co.operative bank with reference to prime co-operative bank Surat.** (Dr. Seemaben O. Desai) Sir K. P. College of Commerce, Surat.
2. Desai, Dhruti Dipesh. **Evaluation of effectiveness of performance appraisal system in nationalized banks- a case study of bank of Baroda.** (Dr. Upendra T. Desai) Sir K.P.College of Commerce, Surat.
3. Jinwala, Arunkumar Ashvinbhai. **Performance evaluation of state bank of India and its associate bank.** (Dr. Martina R. Noronha), S.P.B.Eng. Med. College of Commerce, Surat.
4. Patel, Dhanarajbhai Bhagwanbhai. **Analysis of capital structure of pharmaceutical industry : A comparative study of Zydus Cadila Healthcare Ltd. (Ahmedabad) and Glaxo India Limited (Ankleshwar).** (Dr. Vinodbhai N. Patel), P.R.B. Arts and P.G.R. Commerce College Bardoli.
5. Amla, Amina Yusuf. **Analysis of profitability and non-performing assets : a study of Urban Co-Operative Banks in Surat city.** (Dr.Jaydip Chudhari), Department of DBIM, VNSGU, Surat.
6. Arora, Dipti T. **Insured member's conceptions about community based insurance: a case study of Vimosewa.** (Dr. P.P.Pradhan), S.P.B.E.M.C. of Commerce, Surat.
7. Deshani, Pramodkumar V. **A study of customer's satsfaction among private and public banks in Surat city.** (Dr.Martina R. Naronha, S.P.B.E.M.C. of Commerce, Surat.
8. Goyani, Mukeshkumar R. **Impact of global recession on financial performance of diamond companies : a study of listed diamond companies of Surat city.** (Dr.K.N.Chavda), J.Z.Shah Arts and H.P.Desai Commerce College, Amroli.
9. Naik, Dharit A. **Life insurance policy holders behaviour an empirical study with reference to Gandevi taluka.** (Dr.J.U.Patel), M.R.D.Arts and EELK Commerce College, Chikhli.
10. Patel, Renuka U. **A study of participation and contribution of women employees in diamond industries : with reference to Surat city.** (Dr.(Mrs.) Punyaprava Pradhan), S.P.B.E.M.C.of Commerce, Suart.
11. Sheth, Chitraben R. **Implementation of techniques of management accounting in textile companies : a special study with reference to Raymond Ltd and Grasim Ltd.** (Dr. J.M.Naik), Shah N.H.Commerce College, Valsad.
12. Sheth, Ketulkumar I. **Financial statement analysis a study of Urban Co-Operative Banks in Surat city.** (Dr.D.L.Varsani), Shri J.B.D.Mahila Arts College, Surat.
13. Solanki, Ruchi B. **Impact of television advertising of selected household items on consumers buying behaviour in Mumbai city and Suburbs.** (Dr.U.T. Desai), Sir K.P.C.of Commerce, Surat.
14. Trivedi, Krupa R. **Financial analysis : a study of Urban Co-operative Banks in Surat city.** (Dr.D.A.Patel), C.D.B.C.of Commerce, Surat.

# કોલેજ ન્યૂઝ

## એન. એસ. એસ.




વ્યારા આટ્‌ર્સ અને કોમર્સ કોલેજનો એન. એસ. એસ. વાર્ષિક શિબિર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, લખાલી ખાતે યોજાયો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ સ્વાગત કરી એન. એસ. એસ.ની પ્રવૃતિ વિષે સમજ આપી કોલેજે યુનિવર્સિટી, રાજય તથા રાષ્ટ્રીય સ્તરે મેળવેલ સિધ્ધિઓનો ખ્યાલ આપ્યો હતો. ઉદઘાટન સમારંભના પ્રમુખ તથા સમારંભના ઉદ્‌ઘાટક પ્રા. શ્રી જમનાદાસ ઢીમરે ભૂતકાળના પ્રસંગોને વાગોળ્યા હતા. મુખ્ય મહેમાન યુનિવર્સિટી, સુરતના રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. એ. એન. માલવિયાએ વિદ્યાર્થીઓને સમાજસેવા દ્વારા રાષ્ટ્ર સેવાનો જીવન મંત્ર કેળવવા અનુરોધ કર્યો હતો. સમારંભના અતિથિ વિશેષ અધ્યાપિકા શ્રીમતી બકુલાબેન શાહ તથા ઉત્તરબુનિયાદી આશ્રમશાળાના આચાર્યશ્રી બિપિનભાઈ ચૌધરીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. પૂર્ણાહૂતિ સમારંભના પ્રમુખ અને મુખ્ય મહેમાન તથા વાપી જિલ્લાના શિક્ષણાધિકારીશ્રી આર. જે. માછીએ કોલેજની સિદ્ધીઓને બિરદાવી આપણું સમગ્ર જીવન સમાજ તથા રાષ્ટ્ર ઉત્કર્ષ પાછળ સમર્પિત કરવા જણાવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે શ્રી વી.ટી.ચૌધરી, શ્રી રૂપસિંગભાઈ ગામીત તથા શ્રી નગીનભાઈ ઝેડ. ઢોડિયા ઉપસ્થિત રહયા હતા. શિબિરાર્થીઓએ પ્રતિભાવ આપ્યા હતા. શિબિર દરમ્યાન આયોજિત સ્પર્ધાના વિજેતાઓને મહેમાનોના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. શિબિર દરમ્યાન ગ્રામ સફાઈ, ચશ્માશિબિર, બૌદ્ધિક વ્યાખ્યાનો, વસ્ત્રા દાન, નિબંધ, વકત્ત્વૃત્વ અને ચિત્ર સ્પર્ધાઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરો પ્રા. શ્રી એસ. આર. ચૌધરી, પ્રા. જી. એમ દળવી અને પ્રા. શ્રી વી. એમ. ચૌધરીએ શિબિરનું સંચાલન કર્યુ હતું.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ વલસાડના રાષ્ટ્રિય સેવા યોજનાનો વાર્ષિક શિબિર નવનિર્માણ વિદ્યાલય, મરલા ખાતે યોજાયો છે. શિબિર દરમ્યાન મરલા ગામે તા. ૨૧/૧૧/૨૦૧૦ ના રોજ અને રોણવેલ ગામે તા.૨૨/૧૧/૨૦૧૦ના રોજ કોમ્પ્યુટર દ્વારા આંખોની તપાસ તથા રાહત દરે ચશ્મા શિબિરનું આયોજન કરવામાં આવ્યું. શિબિરમાં કોમ્પ્યુટર દ્વારા આંખોની તપાસ કરી આંખોના નંબર તપાસીને નંબરવાળા ચશ્મા રાહત દરે આપવામાં આવ્યા. આ શિબિરમાં સુરતના ઓપ્ટીશીયન શ્રી એચ. એ. મેમને સેવા આપી. ડૉ. દક્ષાબેન ઠાકોર દ્વારા સાદી ફ્રેમના ચશ્માનો તમામ ખર્ચો સ્પોન્સર કરીને ઉદાહરણ પૂરૂં પાડયું છે. પ્રિ. ડૉ. જે. એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા.ટી.જી.પટેલ, પ્રા.આર.આર.પટેલ અને પ્રા.કે.સી.પટેલની મહેનતમાં ચશ્મા શિબિરમાં બંને ગામના વધુને વધુ ગ્રામજનોએ લાભ મેળવેલ.

## જોઈન્ટ સ્ટુડિયો



SCET ની ફેકલ્ટી ઓફ આર્કીટેકચરના પાંચમ્ વર્ષના વિદ્યાર્થીઓએ મલેશિયાના પીનાંગની વર્લ્ડ હેરીટેજ સાઈટ માટેની ૬ જેટલી વિવિધ ડિઝાઈનો આપી, જોઈન્ટ સ્ટુડિયો એક્ષસ્ચેઈન્જ પ્રોગ્રામ અંતર્ગત મલેશિયાના પિનાંગ ખાતે, યુનિ. ઓફ સાયન્સ મલેશિયાના (ફાઈનલ ઈયરના) અને ફેકલ્ટી ઓફ આર્કી. સ્કેટ, સુરતના વિદ્યાર્થીઓએ પિનાંગ શહેરના (૧) ચોક રસ્તા માર્કેટ, (૨) પીનાંગ રોડ માર્કેટ, (૩) કેમ્પેલ રોડ માર્કેટ, (૪) કીંગ એડવર્ક પ્લેસીપીયર, (૫) હમીદઝ મરીન તેમજ (૬) ફેરી ટર્મીનલની સાઈટોની રીડિઝાઈન સુરતના પ્રોફેસરો તેમજ મલેશિયાના સ્થિત આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત આર્કીટેક શ્રી જીમી લીમનું માર્ગદર્શન હેઠળ રજૂ કરી હતી.પિનાંગ શહેર તેમજ એકબીજા સાથે સંલગ્ન કરી ડિઝાઈન કરેલ ૬ સાઈટોની જયુરી, મલેશિયા આર્કી. બીલ્ડીગના ડાયરેકટર આર્કી. યુ. ટુંગ સેંગ, મલેશિયા આર્કી. પ્લાનીંગ ડાયરેકટર શ્રી હાજીરોસ્લાન, મેમ્બર ઓફ પાર્લામેન્ટ હેરીટેજ એન્ડ કલ્ચરલ હીસ્ટોરીયન એન્ડ કયુરેટર, શ્રીમતી માર્થા ગ્લેઈકી વર્લ્ડ હેરીટેજ ઈનકોર્પોરેટેડન શ્રી મઈનુનટ શરીફ તેમજ મ્યુનીસીપલ કોર્પો. ઓફ પુલાઉ પિનાંગના વગેરેની હાજરીમાં થયેલ જયુરીમાં સ્ટુડન્ટોની ડિઝાઈનોને ભારે એપ્રીશીયેશન સાથે સ્વીકૃતિ મળી હતી. તેમજ ડેવલપમેન્ટની નવી પ્રપોઝલમાં તેનો સમાવેશ કરવાની પ્રોમીશ આપ્યું હતું. આ વર્કશોપમાં આર્કીટેચરના પ્રિન્સીપાલ પ્રો. પર્સી એન્જીનીયર, પ્રો. મહેશ નાગેચા, પ્રો. વિશાલ શાહ, પ્રો. વ્હાબીઝ એન્જીનીયર તેમજ પ્રો. હેમરશ્મિ પારેખ તેમજ પ્રો. ભાવના વીમાવાલાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાથે ભાગ લીધો હતો.

## વ્યાખ્યાન

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બિલિમોરામાં તા. ૦૮-૧૦-૨૦૧૦ના રોજ શ્રી ભૂમતભાઈ દેસાઈનું 'પ્રેકટીકલ બેન્કિંગ અને તા. ૧૩-૧૦-૨૦૧૦ ના રોજ શ્રી મહાદેવભાઈ દેસાઈનું 'વ્યકિતત્વ વિકાસ' પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

## આરોગ્ય

સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર વ્યારા દ્વારા પનિયારી ખાતે તા.૨૩-૧૦-૨૦૧૦ ના રોજ અને ખોડતળાવ ખાતે તા.૨૬-૧૦-૧૦ના રોજ હોમિયોપેથિક કેમ્પ યોજાઈ ગયો. જેમાં અનુક્રમે ૧૨૮ અને ૨૧૪ દર્દીઓએ લાભ લીધો હતો. તદ્પરાંત તા. ૨૦-૧૦-૨૦૧૦ના રોજ હોમિયોપેથિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. મયુર તોલારે હોમિયોપેથિક પુસ્તકો અને હોમિયોપેથિક મટીરીયા મેડીકની વિવિધ રીતો ઉપર પ્રવચન આવ્યું હતું. તદ્પરાંત તા.૦૨-૧૦ થી ૦૮-૧૦ દરમ્યાન નશાબંધી સપ્તાહની ઊજવણી વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. જેમાં નશાબંધીના વિવિધ પાસાઓ ઉપર વર્ણન થયું હતું.

## સ્વર્ણિમ ગુજરાત

- ઉધના સીટીઝન કો. ઓ. બેંક કોમર્સ કોલેજ, સુરતમાં ગ્રંથાલય સમિતિના ઉપક્રમે તા. ૨૭/૧૧/૨૦૧૦ના રોજ "મને ગમતુ પુસ્તક" વાર્તાલાપ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ "2 States The Story of my Marriage by Chetan Bhagat", "પુરુષાર્થની પ્રતિમા : ધિરુભાઈ અંબાણી, લેખક દિનકર પંડયા" તથા "પ્રેરણાનું ઝરણું, લેખક જીતેન્દ્ર અઢિયા" ઉપર મંતવ્યો રજૂ કર્યા હતાં.
- એક સાથે વાંચશે ગુજરાત અંતર્ગત તા. ૩૦-૧૦-૨૦૧૦ના રોજ એસ.પી.બી.ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં ૨૦૦ વિદ્યાર્થીઓની હાજરીમાં પુસ્તક વાંચન કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. યુનિટ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. વી. ડી. નાયકે વિદ્યાર્થીઓને જીવનમાં વાંચનનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સફળ આયોજન એન. એન. એસ. પ્રો. ઓ. ડૉ. શ્રીમતી પી. પી. પ્રધાન અને ડૉ. આશિષ પંડયાએ કર્યુ હતું.
- બી.બી.અવિચળ આર્ટસ-કોમર્સ કોલેજ, માંડવીમાં વાંચે ગુજરાત અંતર્ગત તા. ૨૧-૮-૨૦૧૦ થી ૨૯-૯-૨૦૧૦ સુધી ઊજવણી કરવામાં આવી. તા. ૨૯-૮-૨૦૧૦ના રોજ વાંચે ગુજરાત સમિતિના ઉપાધ્યાક્ષશ્રી હર્ષદભાઈ શાહનું 'વાંચે ગુજરાત' વિષય પર પ્રવચન યોજાઈ ગયું. વકતવ્ય પૂર્ણ થયા બાદ પુસ્તક પ્રદર્શનનું આયોજન થયું હતું. તા. ૨૫-૯-૨૦૧૦ના રોજ 'ગુજરાતી ગીતની અંતાક્ષરી' સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં વીર નર્મદ ગ્રુપ પ્રથમ ક્રમે રહયું હતું. તા. ૨૮-૯-૨૦૧૦ના રોજ 'ગુજરાત અને ગુજરાતી' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું. જેમાં અંજનાબેન વી. પ્રથમ રહયા હતા. તા.૨૯-૯-૨૦૧૦ના રોજ 'પુસ્તકો આપણા સાચા મિત્રો વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં તરુણ એન. ચૌધરી, પ્રથમ રહયા હતા. આ તમામ કાર્યક્રમોનું આયોજન વાંચે ગુજરાત સમિતિના ચેરમેનશ્રી આર.એસ.પટેલ દ્વારા પ્રિ. ડૉ. પી. એમ. જલસણવાળા, શ્રી જયદીપભાઈ શાહના માર્ગદર્શન તળે કરવામાં આવ્યું.
- એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બિલિમોરામાં તા.૪-૧૦-૨૦૧૦ન રોજ 'મને ગમતું પુસ્તક' પર વાર્તાલાપ યોજાઈ ગયો. તા.૧૧-૧૦ થી ૧૪-૧૦ દરમ્યાન વાંચે ગુજરાત અંતર્ગત દરેક વર્ગમાં મને ગમતું પુસ્તક પર યોજાયેલ વાર્તાલાપમાં વિદ્યાર્થીઓએ વિચારો રજૂ કર્યા હતા. તા. ૧૪-૧૦-૨૦૧૦ ના રોજ મને ગમતું પુસ્તક ઉપર પ્રા. વાય. જે. દેસાઈએ બી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ-સાયન્સ, બિલિમોરામાં સફળ જીવનના આધારો પર વાર્તાલાપ આપ્યો હતો. તદ્પરાંત તા. ૩૦-૧૦-૧૦ના રોજ કોલેજ પરિવારે સમૂહ વાચન કર્યુ હતું.
- જીવનજયોત ટ્રસ્ટ, અમરોલી સંલગ્ન શૈક્ષણિક સંકુલમાં "વાંચે ગુજરાત-એક સાથે વાંચશે ગુજરાત" અંતર્ગત વિદ્યાર્થીઓએ શ્રી હર્ષદભાઈ શાહ, સહમંત્રી ગુજરાત રાજયની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ પુસ્તક વાંચનની પ્રવૃતિ કરી હતી.
- બીલીમોરાની વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સના ગોલ્ડન જયુબીલી પર્વે, સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ અંતર્ગત, વાંચે ગુજરાત અભિયાન હેઠળ તા. ૧૪-૧૦-૨૦૧૦ના રોજ "મને ગમતું પુસ્તક" અન્વયે વાર્તાલાપનું આયોજન એન.એસ.એસ. વિભાગ દ્વારા ડૉ. એમ. એન. વશીના પ્રમુખ સ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં વકતા શ્રી પ્રા. યોગેશભાઈ દેસાઈ

(પ્રો. ઓ. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા) વાઈસ પ્રિન્સીપાલ શ્રીમતી ડૉ. આશાબેન ભટ્ટ, સ્ટાફ, પ્રા. ગૌતમભાઈ પટેલ અને પ્રા. દેવાંગભાઈ સુકાની તથા સ્વયંસેવકો હાજર રહયા. શ્રી પ્રા. યોગેશભાઈ દેસાઈએ મને ગમતું પુસ્તક "સફળ જીવનના આધારો" ઉપર વકતવ્ય રજૂ કર્યું. સ્વયંસેવક ભૌતિક પટેલ અને જીગીષા પટેલ દ્વારા પ્રતિભાવ રજૂ થયા. શ્રીમતી ડો. આશાબેન ભટ્ટ દ્વારા વકતા શ્રી પ્રા. યોગેશભાઈ દેસાઈને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી.

વાંચે ગુજરાત અભિયાન હેઠળ 'એક સાથે વાંચે ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત તા. ૩૦/૧૦/૨૦૧૦ ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના પ્રાંગણમાં સમૂહવાંચનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લગભગ ૨૫૪ જેટલા વિદ્યાર્થીઓ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ, હોસ્પિટલ કર્મચારીઓ તેમજ ઈન્ટર્ન વિદ્યાર્થીઓ તથા સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા વિવિધ પ્રકારનાં પુસ્તકોનું વાંચન કરવામાં આવ્યું હતું.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૩૦/૧૦/૨૦૧૦ ના રોજ "એક સાથે વાંચશે ગુજરાત" નો કાર્યક્રમ વલસાડ શહેરના અનેક પ્રતિષ્ઠિત વાચનપ્રેમી આગેવાનોની હાજરીમાં સંસ્કાર કેન્દ્ર હોલમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમનો શુભારંભ પહેલાં ઘંટનાદ, ઢોલકનાદ, થાળીનો નાદ બ્યુગલ ફૂંકીને ઉત્સાહભેર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે પ્રા.બી.એન.દેસાઈ દ્વારા પ્રાર્થના, ઉપસ્થિત પુસ્તક પ્રેમી મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય અને પ્રા. ડૉ. મીનાબેન શાહ દ્વારા આવકાર અને પ્રાસંગિક વાતો રજૂ થઈ હતી. ત્યાર બાદ મનગમતા પુસ્તકનું વાંચન એક કલાક થયું હતું.

## સ્પર્ધા

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓએ તા.૨૬-૧૦-૧૦ ના રોજ ખતલવાડા મુકામે યોજાયેલ વલસાડ જીલ્લા યુવક મહોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ શ્રી સતીષભાઈ દેસાઈ લિખિત અને દિગ્દર્શિત એકાંકી 'છોડ મારો હાથ' અને એક પાત્રિય અભિનય અવિભાગમાં 'કથપૂતળી' અને બ વિભાગમાં 'વાલી વાઘરણ' પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયા હતા. જયારે એક પાત્રિય અભિનય અ વિભાગમાં કુ. દષ્ટિ ગાંધીએ અને બ વિભાગમાં કુ. નિધિ ભટ્ટે ભાગ લીધો હતો. આ યુવા મહોત્સવમાં કુ. નમ્રતા શાહે રજૂ કરેલ હળવું કંઠય સંગીત (બ વિભાગ) પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયુ હતું. શ્રી મૌનિક પરમારનો સર્જનાત્મક કામગીરી સ્પર્ધામાં ઉજ્જવળ દેખાવ ધ્યાનાકર્ષક રહયો હતો.

તા. ૨૬/૧૦/૨૦૧૦ ના રોજ ૪૩માં જિલ્લા કક્ષાનો યુવક-મહોત્સવ કેવડીયા ખાતે યોજાયો હતો. જેમાં નર્મદા કોલેજ ઓફ એજયુકેશન માંગરોલના તાલીમાર્થીઓએ ૫ કૃતિઓમાં ભાગ લીધો હતો. તેમાં ૫ કૃતિઓનો પ્રથમ નંબર આવેલ છે. ૧. એક પાત્ર અભિનય : વસાવા પ્રતિભાબેન, ૨. નિબંધ : પાઠક પ્રતિકભાઈ, ૩. વકૃત્વ : પટેલ વિશાલભાઈ ૪.લગ્ન ગીત : પટેલ મિત્તલ ગ્રૃપ, ૫. શીઘ્ર વકૃત્વ : પાઠક મધુબેન.

તા. ૨૯/૦૯/૨૦૧૦ ના રોજ સરકારી હાઈસ્કૂલ રાજપીપળા ખાતે ૪૩ માં યુવક મહોત્સવનું આયોજન થયું. જેમાં નર્મદા કોલેજ ઓફ એજયુકેશન માંગરોલના કુલ ૧૬ તાલીમાર્થીઓએ અલગ અલગ ૧૩ સ્પર્ધામાં ભાગ લીધા હતો. જેમાં. વકૃત્વસ્પર્ધા : પટેલ વિશાલ - પ્રથમ, નિબંધ સ્પર્ધા : પાઠક પ્રતિક - પ્રથમ, શિઘ્રવકૃત્વ : પાઠક મધુ - પ્રથમ, એકપાત્રી અભિનય : વસાવા પ્રતિભા - પ્રથમ, લગ્ન ગીત : પટેલ મિત્તલ અને ગ્રુપ - પ્રથમ, ગઝલ - શાયરી : વસાવા નિમિષા - દ્વિતિય, કાવ્ય લેખન : વસાવા રંજન - દ્વિતીય, સર્જનાત્મક કારીગરી : પરમાર મનોજ : દ્વિતિય, દોહા - છંદ : પાઠક મધુ - દ્વિતિય, ચિત્રકલા વસાવા સુનંજ્ઞ - તૃતિય વિજેતા રહયા હતા.

## પ્રવાસ

શિક્ષણ ભારતી બી.એડ્. કોલેજ, સુરતમાં દિવાળી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું. જેમાં રંગોળી, કાર્ડ મેકિંગ અને દિવડા શણગારનું આયોજન થયું. નિર્ણાયક તરીકે ડેપ્યુટી ડાયરેકટર ડૉ. રેશ્માબેન જુલકા, ઈ.ચા. આચાર્યા નયનાબેન ચૌહાણ અને પ્રા. દેવાંગનાબેન પટેલે ફરજ નિભાવી હતી. શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન પણ થયુ હતું.

એમ.ટી.બી.એડ્.કોલેજ, ભરૂચ દ્વારા તા.૨૮/૧૦/૨૦૧૦ ના રોજ ધરમપુર અને તિથલ ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાયો. જે અંતર્ગત તાલીમાર્થીઓએ ધરમપુર સ્થિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ પ્રયોગો અને સાયન્સ પાર્કનું નિરીક્ષણ કર્યુ હતું. સ્વાસ્થય અને શિક્ષણ સંબંધી સેવા આપતી સ્વૈચ્છિક સંસ્થા ARCH (N.G.O.) ની અને લેડી વિલ્સન, ઐતિહાસિક મ્યુઝિયમની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત ધરમપુર ખાતે શ્રી રાયગાંવકર, કાર્યકારી અધ્યક્ષ, જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ડૉ. યોગેશ ભટ્ટ, અધ્યક્ષ, વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને ડૉ. દર્શના પટેલ, કાર્યકારી આચાર્યા, શ્રી વી. એન. એચ. પટેલ બી.એડ્.કોલેજ, ધરમપુર વગેરેએ જીવન, વિજ્ઞાન અને શિક્ષણને સાકળીને શિક્ષણ તરીકેની સજ્જતા કેળવવા અંગે તાલીમાર્થીઓને માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. વકતાઓને એમિટી શાળાની રજત જયંતિ ઉજવણીના ભાગરૂપે મહાન વિભૂતિઓની તસવીરો સ્મૃતિ-ચિહ્ન સ્વરૂપે આપવામાં આવી હતી.

## એન. સી. સી.

એન.સી.સી. દાર્જીલીંગ ગ્રુપ ૧૩ અને બંગાલ બટાલીયન એન.સી.સી.ના નેજા હેઠળ ફૂલબારી ખાતે તા. ૦૨/૦૯/૨૦૧૦ થી ૧૩/૦૯/૨૦૧૦ સુધી નેશનલ ઈન્ટિગ્રેશન કેમ્પ-૧નું આયોજન થયું. હતું. જેમાં દેશના ૧૬ રાજયોના કેડેટસે ભાગ લીધો હતો. ગુજરાત રાજય તરફથી નવયુગ સાયન્સ કોલેજના એન.સી.સી. ઓફિસર લેફ. મુકેશ જે. શાહના નેતૃત્વ હેઠળ નવયુગ કોલેજના ૧૬ કેડેટેસ જોડાયા હતા. કેમ્પ દરમિયાન વિવિધ સ્પર્ધામાં યોજાઈ હતી. જેમાં સાંસ્કૃતિક પ્રોગ્રામમાં સમગ્ર દેશમાં ગ્રુપ ડાન્સમાં પ્રથમ સ્થાન અને નેશનલ ઈન્ટિગ્રેશન અવેરનેશ પ્રેઝન્ટેશનમાં પણ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી બે ઈનામ અને ટ્રોફી મેળવી. વ્યકિતગત સ્પર્ધામાં કુ. મુલ્લા અનીશાએ કાવ્યપઠનમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

## વિમોચન

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, ભરથાણા સંચાલિત એમ. એડ્., બી. એડ્. અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાના સંયુકત ઉપક્રમે મૂલ્ય શિક્ષણ સેમિનાર અને અધ્યાપક ડાયરી વિમોચનનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં કુલપતિશ્રી ડૉ. બી.એ.પ્રજાપતિના વરદ હસ્તે અધ્યાપક ડાયરી "સ્નેહ મિલન" નું વિમોચન કરવામાં આવ્યુ હતું. જેમાં ૩૨ બી.એડ્. કોલેજોના આચાર્યોએ તથા અધ્યાપકો હાજર રહયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત કુલપતિશ્રીએ યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખામાં ચાલુ વર્ષે તાલીમ લઈ રહેલાં બી.એડ્. અને એમ. એડ્ના પ્રશિક્ષણાર્થીઓમાં મૂલ્યો પ્રસ્થાપિત થાય એ હેતુથી જૈન વિશ્વભારતી યુનિવર્સિટી, રાજસ્થાન પ્રેરિત નો એક વર્ષનો સર્ટિફિકેટ કોર્ષ દાખલ કરવાની ઈચ્છા વ્યકત કરી હતી. જેને સમગ્ર શિક્ષણ વિદ્યાશાખાએ સહર્ષ સ્વીકારી હતી.

## વાચન વિશેષ

### પુસ્તક પરિચય

**ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા.** લે. ચંદુલાલ એમ.શાહ. મુંબઈ : વિદ્યા પબ્લિશર્સ, ૧૯૭૩. પૃ. ૨૪૦. મૂલ્ય રૂ.૨૦

શ્રી ચંદુલાલ શાહના આ પુસ્તકમાં ગુજરાતી રંગભૂમિના ઘડવૈયાઓનું જીવન-કવન સમાયેલું છે. લેખકે વિવિધ નાટયભૂમિના ઘડવૈયાઓ પાસેથી જાહેરાતના આધારે મેળવેલ માહિતીથી આ પુસ્તક તૈયાર કરેલ છે. આ પુસ્તકમાં કેટલાક ખરા વિદ્યમાન ઘડવૈયાઓ રજૂઆત પામી શકયા નથી અને જે સમાવેશ પામ્યા છે. તેમને ખરેખર ઘડવૈયા શબ્દે ઓળખવા કે કેમ તેનો સંદેહ ધનસુખલાલ મહેતાને છે. એક ચોકકસ ધગશ ને નિષ્ઠા સાથે કશા પૂર્વરાગ કે પૂર્વગ્રહ વિના લેખકે ઉત્તમ કામગીરી કરેલ છે. આ પુસ્તકની ગુજરાતી રંગભૂમિને એનાં રૂપ, રંગ ને આકાર આપનારાઓની સુયોગ્ય છબી વાચકોના મનમાં ઉપસે છે. લેખકે પોતાની રીતે રંગભૂમિને ઘડનારાઓનો પરિચય સાધીને તેમના વ્યકિતત્વને તથા જીવનકાર્યને શબ્દદેહ આપ્યો છે. લેખક કહે છે કે ઘણા અભિનયકારોને હું નથી મળી શકયો, એમને વિશે માહિતી નથી મેળવી શકયો- અને કેવળ તે જ એક કારણે એમને ગ્રંથમાં સમાવી શકયો નથી.

આ પુસ્તકમાં અરવિંદ ત્રિવેદી, ઈલા મહેતા, ઉપેન્દ્ર ત્રિવેદી. વિષ્ણુકુમાર વ્યાસ, શિવકુમાર જોશી, જેવા કુલ ૧૩૨ નામી-અનામી કલાકારોના જીવન-કવનનો પરિચય આપવામાં આવેલ છે.

આ પ્રકાશન દિશાસૂચન કરે છે. રંગભૂમિના ક્ષેત્રમાં વર્ષોથી પડેલા વધુ વ્યવસ્થિત કરી શકે છે. લેખકો, નિર્માતાઓ, કલાકારો, દિગ્દર્શકો ઉપરાંત સંગીત વિધાયકો અને નેપથ્યના કસબીઓ પણ ઉલ્લેખપાત્ર  હોય છે. તેમની નોંધ પણ જળવાઈ રહેવી જોઈએ. શુધ્ધ ઈતિહાસની દષ્ટિએ પણ ગુજરાતી રંગભૂમિ પર વર્ષોથી નાટયપ્રવૃત્તિ કરનારી અનેક સંસ્થાઓએ જેટલાં નાટકો રજૂ કર્યા હોય તેની સંપૂર્ણ માહિતી ધરાવતી ડિરેકટરીનું પણ સંપાદન ભવિષ્યમાં કરવા જેવું ખરું.

આ પુસ્તક સંદર્ભગ્રંથ બને તેવો આશય લેખકનો રહયો છે. આ સંદર્ભમાં રજની શેઠ કૃત 'રંગભૂમિ અને દક્ષિણ ગુજરાત' પુસ્તક ૨૦૧૦માં પ્રસિધ્ધ થયેલ છે.

બી.જે. અંકુયા, આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન

### बेहतर भारत

आज, अपनी आर्थिक, राजनीतिक और सामाजिक प्रणाली में हम भ्रष्टाचार से जिस संघर्ष का सामना कर रहे हैं, उसे क्रिस्टोकर किंग्स्टन ने घूसदाता का संकट' कहा है । नागरिकों को इन प्राणालियों में सुधार लाने के लिए सामूहिक कार्रवाई' करने पर आपसी सहमति बनानी होगी । मगर ऐसी सामूहिक कार्रवाई एक ऐसे समाज में मुश्किल प्रक्रिया है । जहां सार्वजनिक भलाई का भाव क्षत-विक्षत हो । ट्रांसपेरेंसी इंटरनेशनल ने कहा है कि भारत में सामूहिक कार्रवाई के प्रयास छुटपुट, स्थानीय और लघु अवधि के रहे हैं, और इन्होंने वृहद आंदोलन का रुप नहीं लिया  है। नतीजतन, भारतीयों ने अनुशासनहीनता को 'जीवन-सत्य' और हमारे सभी संस्थानों के ढांचे के हिस्से के रुप में स्वीकार कर लिया है। स्पष्टतया, भारत को ऐसे नेताओं का संवर्ग चाहिए जो अपनी ईमानदारी, जवाबदेही, अनुशासन और बदलाव के प्रति प्रतिबद्धता में मिसाल बनकर नेतृत्व करें । ऐसे ही नेता हैं जो हमारे संस्थानों में बदलाव की संभावना और आशाएं पैदा करके सुधारों के प्रति उत्साह का माहौल बनाएंगे। जैसा कि फ्रांसीसी लेखक एलेक्सिस डे टोकयुबिल का दृस्टिकोण हैं, "अपरिहार्य उसी पल असहनीय बन जाता है जिस पल से उसे अपरिहार्य की तरह नहीं देखा जाता।"

हम याद रखें कि हमारे राजनीतिक दलों ने एनडीए और यूपीए दोनों सरकारों में बेहतरीन लोगों को प्रधानमंत्री चुना था - श्री बाजपेयी और डॉ. मनमोहन सिंह को। इस कार्य के द्वारा, हमारे नेताओं ने साबित कर दिया कि योग्यता की कीमत आंकी गई हैं और कि यह देश ईमानदार लोगों को पुरस्कृत करता है। मेरे लिए यह बहुत महत्वपूर्ण संदेश है जो हमारे युवाओं को दिया जा सकता है, और इसके लिए, मैं इन दोनों सरकारों के गठबंधनीय सहयोगियों का शुक्रगुजार हुं । इन दोनों प्रधानमंत्रियों द्वारा सरकार में अहम पदों पर की गई मंत्रालय संबंधी अनेक नियुक्तियों ने भी मुझे ऊर्जा से भर दिया है।

क्या यह पर्याप्त है? जाहिर है नहीं। एक देश के रुप में, हमें अपनी नजर विकास के लंबी अवधि के लक्ष्यों पर रखनी चाहिए और अनुशासन और एकाग्र चित्त से उन्हें पूरा करना चाहिए। यह हमारी प्रणालि में महत्वपूर्ण सुधांरो को लाने की दिशा में शानदार सफर की शुरुआत हो सकता है। (सामार : नारायण मूर्ति. बेहतर भारत, बेहतर दुनिया. पृ.६०-६१)

જયારે તમારા પોતાના બળનો અભાવ થઈ જાય, અથવા એનાથી કંઈ કાર્ય ન બને, ત્યારે બે હાથ જોડીને ઈશ્વરનું શરણ લઈ લેવું.

ગુરુ નાનકદેવ

પરમેશ્વર એક ઉત્તમ કલાકાર છે. તે કોઈ દિવસ રદ્દી ચિત્ર દોરતો નથી. ઉત્તમ કારીગર ઉપરાંત તે આપણો પરમ પિતા પણ છે. તો શું કોઈ બાપ પોતાના બાળક માટે દુ:ખમય સૃષ્ટિ પેદા કરે કે ? એક સાધારણ બાપ પણ એવું ન કરે, તો પરમ પિતા પ્રભુ તો એવું કરે જ શી રીતે ? તેણે તો આપણા માટે આનંદમય સૃષ્ટિ નિર્માણ કરી છે. પણ આપણું સામર્થ્ય અદ્‌ભૂત છે. આપણે આનંદમાંથી પણ દુ:ખ પેદા કરી લઈએ છીએ. આનાથી વધારે બહાદુરી અને કૌશલ્ય બીજા કયાં ગણી શકાય ?

વિનોબા

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12    Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian

Published by : Shri J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com